# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-08-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છમાં વરસાદ

બંગાળની ખાડીમાં સર્જાયેલા ડિપ્રેશનના કારણે રાજ્યની સાથે કચ્છમાં છેલ્લા પાંચ દિવસથી વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગની ભારેથી અતિભારે વરસાદની આગાહી વચ્ચે જિલ્લાના તમામ તાલુકામાં મેઘરાજાએ પોતાની હાજરી નોંધાવી છે. જિલ્લામા આજે સવારે ગોરંભાયેલા માહોલ વચ્ચે કેટલાક સ્થળે વરસાદી ઝાપટા તો ક્યાંક વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. છેલ્લા ત્રણ ચાર દિવસથી પડી રહેલા વરસાદના કારણે પશ્ચિમ કચ્છના ત્રણ તાલુકા અબડાસા, લખપત અને નખત્રાણામાં ધરતીપુત્રો અને માલધારીઓમાં ખુશી ફેલાઇ છે.

ડુમરાથી અમારા શ્રોતામિત્ર જયેશ ગસ્વામીએ વિગતો આપતા જણાવ્યૂ હતું કે આજે બપોરથી અબડાસા તાલુકાના ડુમરા, લઠેડી, છછી, સાંધાણ, વરંડીમોટી, વરંડી નાની, નારાણુપર સહિત ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. વરસાદના કારણે ડુમરા ગામની નદી પુરજોશમાં વહી નીકળી હતી.

વરસાદના પગલે વાવણી કરનારા ખેડૂતો અને પશુપાલકોમાં નવી આશાનો સંચાર થયો છે.

માંડવી અને મુન્દ્રા તાલુકામાં પણ ઝરમર વરસાદ વરસ્યો છે. મુન્દ્રા તાલુકાનો કારાઘોઘા ડેમ ફરી ઓવરફલો થતા પાપડીમાં પાણી વહી નીકળ્યા હતા જેના કારણે નાના વાહનો માટે માર્ગ બંધ થયો હતો.

ગાંધીધામ, આદિપુર અને અંજાર વિસ્તારમાં પણ મેઘરાજાએ પોતાની હાજરી પુરાવી છે. જન્માષ્ટમીથી શરૂ થયેલા વરસાદના કારણે કચ્છના તળાવો, ડેમોમાં પાણીની આવક થઇ છે.

જિલ્લા કન્ટ્રોલરૂમમાંથી મળેલી વિગત અનુસાર આજે સવારે છ વાગ્યાથી લઇને સાંજના 6 વાગ્યા સુધીમાં ભચાઉ તાલુકામાં 18 મિલીમીટર, અંજારમાં 29, ભુજમાં 15, નખત્રાણામાં 5, અબડાસામાં 30, માંડવીમાં 4, મુન્દ્રામાં 2 અને ગાંધીધામ તાલુકામાં 31 મિલીમીટર વરસાદ નોંધાયો છે.

અબડાસા તાલુકામાં સૌથી વધુ 39 મિલીમીટર વરસાદ પડ્યો છે. જિલ્લામાં અત્યાર સુધી મોસમનો સૌથી વધુ વરસાદ માંડવી તાલુકામાં 490 મિલીમીટર એટલે કે 19 ઇંચ નોંધાયો છે.

-------------------------------------------------------------------------------------------

## વરસાદની આગાહી

બંગાળની ખાડીમાં સર્જાયેલી સિસ્ટમ મુંબઇને ધમરોળી ગુજરાત નજીક પહોંચી છે તો અન્ય ત્રણ સિસ્ટમ પણ સક્રિય બનતા હવામાન વિભાગે કચ્છ જિલ્લામાં આવતીકાલે અતિભારે વરસાદનું રેડ એલર્ટ તો શુક્રવારના ઓરેન્જ એલર્ટ આપ્યું છે. તો 25મી તારીખ સુધી મધ્યમથી ભારે વરસાદનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે. ભારે વરસાદની ચેતવણીનાં પગલે વહીવટી તંત્ર દ્વારા પણ આવશ્યક તકેદારીનાં પગલાં ભરવામાં આવ્યાં છે. માછીમારોને 23મી ઓગસ્ટ સુધી દરિયોન ખેડૂવા સૂચના આપવામાં આવી છે.

IMD દ્વારા જાહેર કરેલા હાલના "નાઉકાસ્ટ" અનુસાર જિલ્લામાં આગામી 3 કલાક ભારે વરસાદનું રેડ એલર્ટ જારી કરાયું છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને સાવચેત રહેવા અનુરોધ કરાયો છે.

-------------------------------------------------------------------------------------------

## સદ્દભાવના દિવસની ઉજવણી

પૂર્વ પ્રધાન મંત્રી રાજીવ ગાંધીની જન્મ જયંતિ સદભાવના દિવસ તરીકે મનાવવામાં આવી રહી છે એ નિમિતે કોગ્રેસની વિદ્યાર્થી પાંખ એન એસ યુ આઈ દ્વારા ભુજના ટાઉન હોલમાં

તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ વી કે હુંબલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને તેજસ્વી વિદ્યાર્થીઓને તેમની સિદ્ધિ બદલ અભિનન્દન આપ્યા હતાં.

---------------------------------------------------------------------------------------

## હમીરસરમાં મૃતહદેહ મળ્યો

ભુજમાં હમીરસર તળાવમાંથી આજે એક અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો છે. બપોરના સમયે  ભુજ ફાયર કંટ્રોલ રૂમને તળાવમાં વ્યક્તિ ડૂબવાની માહિતી મળી હતી. ફાયર વિભાગની રેસ્ક્યુ ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે મૃતક વ્યક્તિની ઓળખ મેળવવા સાથે આ બનાવ અકસ્માત છે કે આત્મહત્યા તે અંગે તપાસ શરૂ કરી છે.

---------------------------------------------------------------------------------------

## સિંદૂર સ્વાભિમાન યાત્રા – ખડીર પહોંચી

અખંડ ભારત સ્વાભિમાન મંચ દ્વારા આયોજિત સિંદૂર સ્વાભિમાન યાત્રાનું ખડીર બેટના ધોળાવીરામાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. યાત્રાના સ્વાગત પ્રસંગે ઢોલના નાદ અને ભારત માતા કી જયના નારા ગુંજી ઉઠ્યા હતા. કાર્યક્રમમાં સીમા જનકલ્યાણ સમિતિના જીવણભાઈ આહીર, ધોળાવીરાના સરપંચ જિલુભા સોઢા અને ઘનશ્યામ મહારાજ સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સેનાના નિવૃત્ત જવાનો અને આસપાસના વિસ્તારના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. કાર્યક્રમ દરમિયાન લોકો સાથે સંરક્ષણ ક્રાંતિ વિશે ચર્ચા કરવામાં આવી હતી. સરકાર દ્વારા લેવાયેલા વિવિધ પગલાંની માહિતી પણ આપવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------

## આદિપુરમાં વોટર હાર્વેસ્ટિંગ થીમ પાર્ક

ભાવિપેઢીને જળસંચયનો સંદેશ આપવા રાજ્યના પ્રથમ વોટર હાર્વેસ્ટિંગ થીમ પાર્કનું આદિપુર ખાતે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પાર્ક દ્વારા લોકોને ઘર, સમાજ અને શહેર સ્તરે પાણી સંચય માટે પ્રેરણા મળશે તેમજ જળસંચયના પ્રયત્નોને વધુ બળ મળશે તેવી લાગણી આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વ્યક્ત કરાઇ હતી.

---------------------------------------------------------------------------------------

## લખપતમાં સાતમ-આઠમની ઉજવણી

છેવાડાના લખપત તાલુકામાં સાતમ-આઠમના તહેવારોની ઉજવણી કરવા ધંધાર્થે બહાર વસતા પાટીદાર પરિવારો મોટી સંખ્યામાં વતન આવતા સૂના પડેલા ગામઓમાં તહેવારોનો ધમધમાટ જોવા મળ્યો હતો. તાલુકાના મુખ્યમથક દયાપર સહિત સિયોત, ઘડુલી, ધારેશી, દોલતપર, વિરાણી, મેઘપર વિગેરે ગામડાંઓમાં ધંધાર્થે બહાર રહેતા 5000 જેટલા સભ્યો વતનમાં તહેવારો ઊજવવા આવ્યા હતા. તહેવારો દરમિયાન તેજસ્વી તારાલાઓનુ સન્માન, વિવિધ વાનગીઓના સ્ટોલ, સ્પર્ધા, દાંડિયારાસ સહિત વિવિધ કાર્યક્રમોજી છેવાડાના ગામો ગાજી ઉઠ્યા હતા.

---------------------------------------------------------------------------------------